# રાઇટ ટુ રિકોલ - મેગેઝીન

અંક-૦૦૧

---

## આ અંકનાં લેખો

૧. શિક્ષણમાં થતા ભ્રષ્ટાચારને ઘટાડવા માટે **'રાઇટ ટુ રિકોલ જિલ્લા શિક્ષણ અધિકારી'** અને અન્ય **પ્રસ્તાવિત** ગેઝેટ નોટીફીકેશનો

૨. અમેરિકાની પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર ભારત કરતા ઓછો કેમ છે?

૩. માત્ર ૩ લીટીનું ગેઝેટ નોટીફીકેશન ગરીબી અને પોલીસ , અદાલતોમાં અને શિક્ષણમાં ભ્રષ્ટાચાર ઘટાડી શકે છે

૪. જનલોકપાલ એટલે શુ અને રાઇટ ટુ રિકોલ લોકપાલ કેમ જરુરી છે?

---

## ૧ શિક્ષણમાં થતા ભ્રષ્ટાચાર ઘટાડવા માટે 'રાઇટ ટુ રિકોલ જિલ્લા શિક્ષણ અધિકારી' અને અન્ય પ્રસ્તાવિત ગેઝેટ નોટીફિકેશનો

### ૧.૧ શુ આન્દોલનકારી સાચ્ચો છે? અને આ ગેઝેટ નોટીફીકેશન શુ બલા છે?

મેં બે પ્રકારનાં આંદોલનકારીઓ જોયા છે (૧) આંદોલનકારીઓ જેમને રાજવ્યવસ્થામાં પરિવર્તન જોઇએ છે અને એટલે તેઓ નાગરીકોને વિનંતી કરે છે કે --- નાગરીકોએ મંત્રીઓ પાસે એવા ગેઝેટ નોટીફીકેશનાં લખાણો છપાવવા જેથી અધિકારીઓનાં વર્તનમાં નક્કર પરિવર્તનો આવે. (૨) આંદોલનકારીઓ જે નાગરીકોને ગેઝેટ નોટીફીકેશનાં લખાણોની ચિંતા કરવાની ના પાડે, નાગરીકો પાસે માત્ર રેલીઓ/સુત્રોચ્ચાર કરાવે અને નાગરીકોને થાકી જાય અને આથી જાણે કે અજાણે ભ્રષ્ટાચારીઓનું કુશાસન જેમ હતુ તેમ ચાલુ રહે છે. આનાથી જાણે અજાણે ભ્રષ્ટાચારીઓને ફાયદો થાય. ઘણી વખત હુ બીજા પ્રકારના આંદોલનકારીઓને 'દવા વિરોધી ડોક્ટર' સાથે સરખાવુ છુ એટલે કે એવા ડોકટરો કે જે રોગની વ્યાખ્યા આપે, રોગ થવાનાં કારણ કહે, રોગોનું વિશ્લેષણ કરે પણ દવાનું નામ લખવાની ના પાડે..

તો નાગરીકોએ કઇ રીતે નક્કી કરવુ કે આંદોલનકારી પરિવર્તનવાદી છે કે આંદોલનકારી ભ્રષ્ટાચારીઓ અને નિકૃષ્ટ પૈસાદારોનો જાણ્યો-અજાણ્યો મદદગાર છે? મારી સલાહ છે કે જેમ વકીલ આરોપીની ઉલટ-તપાસ કરે, તેમ

નાગરીકોએ પણ આંદોલનકારીઓની પ્રશ્નો પુછી ઉલટ-તપાસ કરવી અને તે પછીજ નક્કી કરવુ કે આંદોલનકારી પરિવર્તનવાદી છે કે જાણ્યો-અજાણ્યો નિકૃષ્ટ પૈસાદારોનો મદદગાર છે. તો એવા કયા પ્રશ્નો છે જેના દ્વારા આપ નાગરીકો નક્કી કરી શકે કે આંદોલનકારી પરિવર્તનવાદી છે કે નિકૃષ્ટ પૈસાદારોનો જાણે-અજાણે મદદગાર છે? એવા અનેક પ્રશ્નોનૂં લિસ્ટ હું પછી આપીશ. હાલ દાખલા માટે એક પ્રશ્ન આપુ છુ. નાગરીકોએ આંદોલનકારીને એક પ્રશ્ન પુછવો - **'તમામ શિક્ષણનાં અને અન્ય ટ્રસ્ટોની માલિકીની જમીનની વિગત અને ટ્રસ્ટીઓનાં નામ સરકારે ઇન્ટરનેટ પર મુકવા'**, તેવા પ્રસ્તાવિત કાયદાને શુ આપ આંદોલનકારી આજે (આજે, આવતા જનમમાં નહીં) ટેકો આપો છે કે વિરોધ કરો છો? હવે આ પ્રસ્તાવિત કાયદો શુ ફેર લાવે છે? નિકૃષ્ટ પૈસાદારોએ માઇલોનાં માઇલો જમીન ટ્રસ્ટોમાં દબાવી છે અને આ પ્રસ્તાવિત કાયદો તમામ નિકૃષ્ટ પૈસાદારોને ઉઘાડા પાડી દેશે. જો આંદોલનકારી જાણે-અજાણે નિકૃષ્ટ પૈસાદારોનો મદદગાર હશે, તો આ પ્રસ્તાવિત કાયદો એજન્ડાની બહાર છે, તેમ કહી અભિપ્રાય આપવાની ના પાડશે. અને તેના પર આવતા જનમમાં ચર્ચા કરવાની ખાતરી પણ આપશે. જો આંદોલનકારી પરિવર્તનવાદી હશે, તો આ પ્રસ્તાવિત કાયદાને તરતજ ટેકો આપશે. તો આ થઇ આન્દોલનકારીઓ વિષેની વાત. હવે આ ગેઝેટ નોટીફિકેશન શુ બલા છે?

ગેઝેટ નાટીફિકેશનો સરકારી કામગીરીમાં સૌથી મહત્વના દસ્તાવજો છે. બુદ્ધીજીવીઓ ગેઝેટ નાટીફિકેશન અને તેના મહત્વ વિષે નાગરીકોને માહિતી આપવાના વિરોધી છે. અને આ બુદ્ધીજીવિઓ કહે છે નાગરીકોએ માત્ર રેલી કાઢવી, સુત્રોચ્ચાર કરવા, નેતાઓને ઉચકીને ફેરવવા, પણ નાગરીકોએ સરકાર પાસે ગેઝેટ નોટીફીકેશનાં લખાણોની માંગણી ન કરવી. હું માનુ છુ કે નાગરીકોએ સરકાર પાસે નોટીફીકેશનાં લખાણોની માંગણી કરવી, તે પછીજ આંદોલન શરુ કરવુ. પણ આ ગેઝેટ નોટીફિકેશન શુ બલા છે?



REGISTERED No. G/GNR/2

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LII] THURSDAY, MARCH 3, 2011/PHALGUNA 12, 1932 [No. 9

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

CENTRAL SECTION

CONTENTS

| Part | | Pages |
|---|---|---|
| Part I | Government Notification, Appointments, promotions, leave of Absence, Rules and Orders (other than those Published in parts I-A, IV-A, IV-B and IV-C), List of Publication for sale, etc. | 183-189 |
| | Miscellaneous Notifications, Appointments, etc. | 190-197 |
| Part I-A | Orders or Notifications (other than those Published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal, Borough, District Municipal, Primary Education and Local Fund Audit Acts. | NIL |
| Part I-B | Government Notifications Published under Land Acquisitions Act only. | NIL |
| Part II | Supplementary Tender Notices issued by the Industries Commissioner (C.S.P.C.), Director of Health & Medical Service (Medical), Gujarat State, Director of Technical Education, the Chief Conservator of Forests, Vadodara and Director of Manpower, Employment and training, Ahmedabad, etc. (For subscribers only). | NIL |
| Part III | Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor. | NIL |
| Part IV-A | Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts. | 87-89 |
| Part IV-B | Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts. | 16 |
| Part IV-C | Statutory Rules Orders (other than those Published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner or Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission. | 37-40 |
| Part V | Bills Introduced in the Gujarat Legislative Assembly. | NIL |
| Part VI | Acts of Parliament and Ordinance promulgated by the President. | NIL |
| Part IX | Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other Parts. | 59-65 |

I-Cent.-50 183

184 GUJARAT GOVERNMENT GAZETTE, 03-03-2011 [PART I

**PART I**

**CENTRAL SECTION**

**Government Notifications and Appointments, etc.**

**LEGAL DEPARTMENT**

**Notifications**

Sachivalaya, Gandhinagar, 17th February, 2011.

**No. KAN/282007/451/H:**— The Government of Gujarat is pleased to extended the term of appointment of following law officer to be Assistant Government Pleader for the District of **Surendranagar** at Limbdi and in exercise of powers conferred by section 24(3) of code of Criminal Procedure, 1973 (II of 1974), to be the Additional Public Prosecutor for the District of **Surendranagar** at Limbdi for the period of **one year** from the date shown against his name.

**Shri Harshdrai Natvarlal Raval** **Dt. 06-03-2011** **A.G.P./Ad.P.P.**

The appointment is subject to the conditions of service laid down in the Gujarat Law Officers (Appointment & Conditions of Services) Rules, 2009 as in force and as may be amended or modified from time to time.

કાયદા વિભાગ

જાહેરનામા

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૧.

ક્રમાંક : [illegible]

[illegible] ૦૬-૦૩-૨૦૧૧

[illegible]

Sachivalaya, Gandhinagar, 17th February, 2011.

**No. KAN/282006/1818/H:**— The Government of Gujarat is pleased to Appoint to extend the term of Appointment **Shri Bhupendrakumar Janakrai Dwivdi, Assistant Government Pleader** for the District of **Surendranagar at Labour Court** for a period of **one year from the** date 29-12-2010. The appointment is subject to the conditions of service laid down in the **Gujarat** Law Officers (Appointment and Conditions of Services) Rules, 2009 as in force and as may be amended or modified from time to time.

By order and in the name of the Governor of Gujarat,

**V. R. RAVAL,**

Under Secretary to Government.

---

**ગેઝેટ નોટીફીકેશનો એક નમુનો** : દર મહીને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આવુ એક ગેઝેટ નોટીફીકેશન છાપે છે , જેના આધારે અધિકારીઓ કામ કરે કે ન કરે. આવતા મહિનાં ગેઝેટ નોટીફીકેશનમાં જો 'રાઇટ ટુ રિકોલ જિલ્લા શિક્ષણ અધિકારી' છપાય જાય તો શિક્ષણનો ભ્રષ્ટાચાર ૪ મહીનાં ઘટી શકે.

**ગેઝેટ નોટીફીકેશન એટલે રાજપત્ર એટલે મંત્રીઓ દ્વારા કલેકટરોને, સેકેટરીઓને, તમામ અધિકારીઓને છાપેલ આદેશો.** દર અઠવાડીયે મંત્રીઓ અથવા મંત્રીઓનાં આદેશથી અધિકારીઓ ગેઝેટ નોટીફિકેશન છાપતા હોય છે. એક ગેઝેટ નોટીફિકેશન કેન્દ્ર સરકાર છાપે અને દરેક રાજ્ય સરકાર પણ એક-એક ગેઝેટ નોટીફીકેશન છાપે. અને તેના આધારે અધિકારીઓ કામ કરે કે ન કરે. જો આન્દોલનકારીને અને નાગરીકને શિક્ષણને કે કોઇપણ ખાતાને લખતા અધિકારીઓની કામગીરીમાં નક્કર ફેરફાર જોઇતા હોયતો નવુ ગેઝેટ નોટીફીકેશન એટલે રાજપત્ર જરુરી છે. હવે નાગરીકે નક્કી કરવાનુ છે - કે આ આંદોલનકારી દ્વારા આપેલ પ્રસ્તાવિત રાજપત્રનુ લખાણ વાંચી અને સમજીને આંદોલનકારીને ટેકો આપવો કે માત્ર મહાનેતાનાં આહવાનને અનુસરવું અને રાજપત્રનાં લખાણની મહાનેતા પાસે માંગણી પણ ન કરવી? મારી સમજ અને સલાહ છે કે નાગરીકે સમસ્યાનાં ઉકેલ માટે જરુરી રાજપત્ર (યાને ગેઝેટ નોટીફીકેશન) ની માંગણી કરવી. અને જો આન્દોલકારી કહે કે -- આજે માત્ર સંગઠન અને માત્ર આન્દોલન પર સમય શક્તિ આપો,

અને નોટીફીકેશનનાં લખાણોની વિગત આવતા જન્મમાં વિચારીશુ, તે આન્દોનકારી મારા ખાનગી અભિપ્રાય મુજબ નાગરીકોની શક્તિ વેડફી નાખશે અને નિકૃષ્ટ પૈસાદારોનું કુશાસન જેમ હતુ તેમ ચાલુ રહશે.

તો કયા ગેઝેટ નોટીફિકેશનનાં પ્રસ્તાવિત લખાણો દ્વારા શિક્ષણ ખાતાનો ભ્રષ્ટાચાર ઘટી શકે? હું એક તદ્દન સામાન્ય નાગરીક છું. મે મારી સામાન્ય બુદ્ધી મુજબ શિક્ષણમાં ચાલતા ભ્રષ્ટાચાર ઘટાડવા ગેઝેટ નોટીફિકેશનનાં પ્રસ્તાવિત લખાણો આ પેમ્ફલેટમાં આપ્યા છે.

મારા પ્રસ્તાવિત લખાણો સ્વીકારી લેવા, **તેવી મારી આપ વાંચકને વિનંતી નથી**. મારી આપ વાંચકને વિનંતી છે કે શહેરની મ્યુનિસિપલાટીની હદમાં આવેલ તમામ મહાબુદ્ધીજીવીઓને મળી -- આ પેમ્ફમલેટમાં આપેલ પ્રસ્તાવિત ગેઝેટ નોટીફિકેશનોનાં લખાણો કરતા વધારે સારા લખાણો આપો -- તેવી મહાબુદ્ધીજીવીઓને વિનંતી કરવી. અને તે લખાણો ૧૪, ૨૧ કે ૯૦ દિવસમાં આપે (આવતા જનમમાં નહીં) તેવી વિનંતી કરવી. આમ જોઇએતો વિચારકો પાસે લખાણો તૈયાર હોવા જોઇતા હતા. પણ છતા તૈયાર ન હોય, તો તેઓ ૭ દિવસમાં મારા સુચવેલ લખાણો કરતા અનેક ગણા સારા લખાણ આપશે, તેવો મને વિશ્વાસ છે. આપ નાગરીકો મહાબુદ્ધીજીવીઓ પાસે ઉપાયોના લખાણોની માંગણી કરો, તેવી મારી આપને વિનંતી છે.

### ૧.૨ શિક્ષણમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર નોંધવા, ઘટાડવા પ્રસ્તાવિત - 'વાલીનો અવાજ' ગેઝેટ નોટીફીકેશન

મારી તમામ વાલીઓને વિનંતી છે -- કે તેઓ પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, કેન્દ્રનાં શિક્ષણમંત્રી અને રાજ્યનાં શિક્ષણમંત્રીને ૧૪ દિવસમાં નીચે મુજબનું લખાણ ગેઝેટ નોટીફિકેશનમાં છાપવુ -- તેવી માંગણી કરવી :-

| # | અધિકારી | પ્રોસીજર |
|---|---|---|
| 1 | જિલ્લા કલેક્ટર (અથવા તેનો ક્લાર્ક) | નામદાર મુખ્યમંત્રીશ્રી આદેશ આપે છે --- જો કોઇપણ વાલી (જે જિલ્લાનો મતદાર હોય) કલેક્ટરની કચેરીએ આવી મતદાર કાર્ડ બતાવે, એક્સીક્યુટીવ મેજિસ્ટ્રેટ સામે કરેલ એફીડેવીટ દ્વારા શિક્ષણ કે કોઇપણ બાબતને લખતી ફરીયાદ આપે, તો માનદાર કલેક્ટર કે તેનો ક્લાર્ક કોઇપણ તકરાર વિના સિરીયલ નંબર આપી તે એફીડેવીટને માનદાર શિક્ષણમંત્રી કે નામદાર મુખ્યમંત્રીનાં વેબસાઇટ પર મુકી દેવી જેથી સહુ વાંચી શકે અને પાના દીઠ રુ ૨૦ ફી લેવી. |
| 2 | તલાટી (અને તેનાં ક્લાર્કો) | તમામ તલાટીઓને નામદાર મુખ્યમંત્રીશ્રીનો આદેશ છે કે ---<br>(૨.૧) જો કોઇપણ નાગરીક જો નોંધાવેલ એફીડેવીટનો નંબર આપે, મતદાર કાર્ડ બતાવે , રુ ૩ ફી આપે, અને તે એફીડેવીટ પર હા-ના નોંધાવા માંગતો હોય, તો હા-ના કોમ્પ્યુટરમાં મતદાર કાર્ડ નંબર સહિત નોંધવી અને નોંધની પહોંચ આપવી<br>(૨.૨) તલાટી રુ ૩ ની ફી લઇ નાગરીક્ને હા/ના બદલવા પણ દેશે.<br>(૨.૩) આ ફી બીપીએલ કાર્ડ ધારક માટે રુ ૧ રહેશે |
| 3 | ---- | નાગરીકોને માહીતી આપવાના હેતુથી આ જાહેર કરવામાં આવે છે, આ હા/ના કોઇપણ અધિકારી, મંત્રી, ન્યાયાધીશ, ધારાસભ્ય કે સાંસદ પર બંધનકર્તા બહીં રહે. |

આ લખાણ કેન્દ્ર કે રાજ્ય સરકારનાં ગેઝેટ નોટીફિકેશનમાં છાપે, તો અને તોજ નામદાર કલેકટરશ્રીઓ વાલીઓની/નાગરીકોની ફરીયાદ નામદાર મુખ્યમંત્રીશ્રીના (કે નામદાર પ્રધાનમંત્રીશ્રી) વેબસાઇટ પર મુકી શકે. આજે જો નાગરીક કે વાલી નામદાર કલેકટરશ્રીને પોતાની ફરીયાદ નામદાર મુખ્યમંત્રીશ્રીના (કે નામદાર પ્રધાનમંત્રીશ્રીના) વેબસાઇટ પર મુકવા વિનંતી કરશેતો નામદાર કલેકટરશ્રી માંગણી ફાડીને ફેંકી દેશે કેમકે આજે જો નામદાર કલેક્ટરશ્રી નાગરીકની ફરીયાદ નામદાર મુખ્યમંત્રીશ્રીનાં (કે નામદાર પ્રધાનમંત્રીશ્રીના) વેબસાઇટ પર મુકે, તો તેમની નોકરી જોખમમાં આવી શકે. આથી જે નાગરીકો ઇચ્છતા હોયકે નાગરીકોની ફરીયાદ નામદાર મુખ્યમંત્રીના (કે નામદાર પ્રધાનમંત્રીશ્રીના) વેબસાઇટ આવે જેથી અન્ય નાગરીકો તેમાં જોડાય શકે, તે નાગરીકોએ નામદાર મુખ્યમંત્રીશ્રી (કે નામદાર પ્રધાનમંત્રીશ્રી) પાસે ૧૪ દિવસમાં ઉપર મુજબનું લખાણ ગેઝેટ નોટીફિકેશનમાં છાપે, તેવી માંગણી કરવી જોઇએ. નામદાર મુખયમંત્રીશ્રી અથવા નામદાર પ્રધાનમંત્રીશ્રી આ નોટીફિકેશન ૨૪ કલાકમાં છપી શકે છે અને ૪૮

કલાકમાં અમલમાં આવી શકે છે. માટે જો કોઇ વિચારક આવતા જન્મ સુધી રાહ જોવાની સલાહ આપે, તો તેને નકારી કાઢવી, તેવી મારી નાગરીકોને વિનંતી છે.

મેં અમદાવાદની મ્યુનિસિપાલિટી હદમાં આવેલ તમામ નહિં પણ અનેક વિચારકોને , આંદોલનકારીઓને આ લખાણને તેમની સંસ્થાનાં મેનિફેસ્ટોનાં પાનામાં મુકવા છેલ્લા ૧૨ વર્ષોમાં અનેક વખત વિનંતી કરી છે. અને આજ દિન સુધી તમામ વિચારકો અને આંદોલનકારીઓએ આનો સખત વિરોધ કર્યો છે. તેમના મતાનુસાર આ તદ્દ્ન ગૌણ મુદ્દો હોવાથી આ જનમમાં ચર્ચા વિચારણાને પણ પાત્ર નથી. અને આથી જ્યારે તેઓ મુખ્યમંત્રીશ્રીને તેમના આવેદન પત્ર આપે છે, ત્યારે આ પ્રસ્તાવિત ગેઝેટ નોટીફિકેશન તેમા કદી નથી હોતુ. અને મારી અનેક વિનંતીઓ છતા તે વિચારકો તેમના દ્વારા પ્રસ્તાવિત ગેઝેટ નોટીફિકેશન આપવાની 'ના' પાડે છે. પણ મને ખાતરી છે કે જો આપ વાંચક, તેમની પાસે ઉપાયોનાં લખાણો માંગશો, તો તે વિચારકો અવશ્ય આપને મેં આપેલ લખાણો કરતા વધારે સારુ લખાણ માત્રમાં ૭ દિવસમાં આપશે. આથી તેમની પાસે ઉપાયોનાં લખાણો માંગવા, તેવી મારી આપ સહુ વાંચકને વિનંતી છે.

## ૧.૩ શિક્ષણમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર ઘટાડવા - 'રાઇટ ટુ રિકોલ જિલ્લા શિક્ષણ અધિકારી' ગેઝેટ નોટીફીકેશન

**સાર** :

૧. મુખ્યમંત્રી જિલ્લા શિક્ષણ અધિકારીની નિમણુંક કરશે (આજની જેમ)

૨. વાલીઓ (જેમને ૧ થી ૧૭ વર્ષનાં સંતાનો છે) રુ૩ આપી તલાટીની કચેરીએ જઇ કોઇપણ ૫ વ્યક્તિઓનાં નામો પર સ્વીકૃતિ નોંધાવી શકશે અને સ્વીકૃતિ બદલી પણ શકશે

૩. જો કોઇ વ્યક્તિને કુલ વાલીઓનાં ૫૦ ટકાથી વધારેની સ્વીકૃતિઓ મળે તો અને તે ચાલુ જિલ્લા શિક્ષણ અધિકારીની સ્વિકૃતિ કરતા ૨ ટકા વધારે હોય તો તે વ્યક્તિ જિલ્લા શિક્ષણ અધિકારી બનશે.

૪. મુખ્યમંત્રી દ્વારા નિમેલ અધિકારી માત્ર એક જિલ્લાનું સંચાલન કરી શકશે. પણ નાગરીકો દ્વારા નિમેલ અધિકારી રાજ્યનાં ૫ અને રાષ્ટ્રનાં ૨૫ જિલ્લાનો શિક્ષણ અધિકારી બની શકશે અને તેને ૫ થી ૨૫ ગણો પગાર મળશે.

૫. શાળાઓ ૧-એપ્રીલે માસીક ફી જાહેર કરશે, અને તે પછી કોઈ પણ હેડીંગ નીચે અન્ય પૈસા નહીં લઇ/માંગી શકે. જો વધારે ફી માંગશે કે લેશે તો જ્યુરી તેને જેલમાં પુરી શકશે.

૬. જો એક વાર્ડનાં ૧૦૦૦ વાલીઓની સહમતી હોય, તો નવી શાળા ખોલવા સરકારની પરવાનગી નહીં જોઇએ - માત્ર રજિસ્ટ્રેશ કરાવવુ પડશે. આમ સહકારી શાળાઓ અસ્તિત્વમાં આવશે.

અને અન્ય ફેરફારો. આના સંપર્ણ લખાણ આગળ આપ્યુ છે.

## ૧.૪ આ રાઇટ ટુ રિકોલ કઇ રીતે ભ્રષ્ટાચાર ઘટાડશે?

આ રાઇટ ટુ રિકોલ કઇ રીતે શિક્ષણમાં ભ્રષ્ટાચાર ઘટાડશે અને કામગીરી સુધારશે?

આજે ભારતમાં આશરે ૭૦૦ જિલ્લાઓ છે અને ૭૦૦ જિલ્લા શિક્ષણ અધિકારીઓ છે. એમાથી માનોકે ૧૦-૨૫ ને ભ્રષ્ટાચારમાં રસ નથી, અને નાગરીકોનાં હિતમાં રસ છે. 'રાઇટ ટુ રિકોલ જિલ્લા શિક્ષણ અધિકારી' આવવાથી તેમાથી ૫-૧૫ માથુ ઉંચકશે અને કામગીરી સુધારશે. માનો મુખ્યમંત્રી તેમની બદલી કરે. તો જો રાઇટ ટુ રિકોલ જિલ્લા શિક્ષણ અધિકારીની પ્રોસીજર ગેઝેટ નોટીફીકેશનમાં હશે, તો નાગરીકો ૫-૧૫ માથી ૨-૧૦ કે વધારેને ટેકો આપી પાછા લાવી શકશે. હવે મે સુચવેલ ગેઝેટ નોટીફીકેશનમાં જો મુખ્યમંત્રી જિલ્લા શિક્ષણ અધિકારી નીમે, તો તે વ્યક્તિ માત્ર એકજ જિલ્લાનો શિક્ષણ અધિકાર બની શકશે. પણ જો તે નાગરીકોની સ્વીકૃતિથી અને ટેકાથી અધિકારી બન્યો હોય, તો તે રાજ્યમાં વધુમાં વધુ ૫ અને રાષ્ટ્રમાં ૨૫ જિલ્લાનો શિક્ષણ અધિકારી બની શકશે , અને તેનો પગાર પણ તે પ્રમાણે વધશે. આમ જે શિક્ષણ અધિકારીઓને ભ્રષ્ટાચારમાં રસ નથી, તે કામગીરી સુધારી આવક પણ વધારી શકશે. આમ અધિકારી બદલવાની પ્રોસીજર જે અધિકારને ભ્રષ્ટાચારમાં રસ છે, તેને સુધારે કે ન સુધારે, પણ જે અધિકારીને ભ્રષ્ટાચારમાં રસ છે, તેને દુર કરી જેને ભ્રષ્ટાચારમાં રસ નથી, તેની સત્તા વધારવામાં નાગરીકોની મદદ કરે છે. આમ નાગરીકોને ઓછા ભ્રષ્ટાચારવાળા અધિકારીઓનું શાસન મળી શકશે. અને અન્ય જિલ્લા શિક્ષણ અધિકારીઓ જોશે, કે જો તેઓ પોતાની કામગીરી નહીં સુધારેતો શક્ય છે કે નાગરીકો તેમને હાંકી કાઢશે અને કોઇ સારા કે ઓછા ખરાબ અધિકારીને ડબલ ચાર્જ આપશે. આમ, જે જિલ્લા શિક્ષણ અધિકારીને પોતાની નોકરી ચાલુ રાખવી છે, તે પોતાની કામગીરી સુધારવા પ્રેરાશે.

મે સુચવેલ એક અન્ય ગેઝેટ નોટીફિકેશન રાઇટ ટુ રિકોલ પ્રધાનમંત્રી છે. બીજા સુચવેલ ગેઝેટ નોટીફિકેશનો નાગરીકોને કેન્દ્ર સ્તરે ૫૦ સ્થાને રાઇટ ટુ રિકોલ અપાવે છે. આથી કેન્દ્ર સ્તરે અધિકારીઓ અને મંત્રીઓની બેફામ બનવાની શક્યતાઓ ઘટે છે. મે સુચવેલ એક અન્ય ગેઝેટ નોટીફિકેશનોં નાગરીકોને મુખ્યમંત્રી અને ૫૦ રાજ્ય સ્તરનાં ઉચ્ચ અધિકારીઓ પર રાઇટ ટુ રિકોલ અપાવે છે. આમ ચાલુ નેતાઓનુ અને અધિકારીઓનું બેફામપણુ ઘટશે.

**૧.૫ શિક્ષણમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર ઘટાડવા - 'રાઇટ ટુ રિકોલ જિલ્લા શિક્ષણ અધિકારી' ગેઝેટ નોટીફીકેશન**

| # | અધિકારી | પ્રોસીજર |
|---|---|---|
| 1 | - | વાલીનો અર્થ આ ગેઝેટ નોટીફિકેશનમાં તે માતા અને પિતા થશે જેને ૦ થી ૧૭ વર્ષનું એક સંતાન છે અને તે માતા/પિતા તે જિલ્લાનાં નોંધાયેલ મતદાર છે. જિલ્લાનાં વાલીઓનું લિસ્ટ ન બને ત્યાં સુધી તે જિલ્લાના ૨૩ વર્ષથી ૪૫ વર્ષનાં તમામ મતદારો આ ગેઝેટ નોટીફિકેશન માટે વાલી ગણાશે. |
| 2 | કલેક્ટર | જો ભારતનો કોઇપણ નાગરીક ડીઈઓ (ડિસ્ટ્રીક્ટ એજ્યુકેશન ઓફીસર , જિલ્લા શિક્ષણ અધિકારી) બનવા માંગતો હોય અને તે કલેક્ટરની (કે કલેક્ટર દ્વારા નિમાયેલ અધિકારીની) રુબરુમાં અરજી આપે, તો કલેક્ટર સાંસદની ડિપોઝીટ જેટલી રકમ લઇ તેનું નામ નોંધી, સિરીયલ નંબર આપશે. |
| 3 | તલાટી (અથવા તેનો ક્લાર્ક) | જો કોઇ વાલી તલાટીની કચેરીએ આવી રુ ૩ ફી આપી ૫ વ્યક્તિઓને સ્વીકૃતિ આપે, તો તલાટી તે સ્વીકૃતિઓ કોમ્પુટરમાં એન્ટર કરશે અને વાલીને પહોંચ આપશે પહોંચમાં વોટર કાર્ડ નમ્બર, સ્વીકૃતિ મેળવનારાઓનાં નામ/નંબર, તારીખ રહેશે.બીપીએલ કાર્ડ-ધારક માટે ફી રુ૧ રહેશે. |
| 4` | ખલાટી | તલાટી વાલીનું વોટર નંબર અને સ્વીકૃતિ મેળવનારનું નામ/નંબર કલેકટરનાં વેબસાઇટ પર મુકશે. |
| 5 | ખલાટી | વાલી તલાટીની કચેરીએ જઇ વોટરકાર્ડ બતાવી કોઇપણ દિવસે ફી વગર આપેલ સ્વીકૃતિ કેન્સલ કરી શકશે. |
| 6 | કલેક્ટર | કલેક્ટર દરેક માસની ૫મી તારીખે ઉમેદવારોને મળેલ સ્વીકૃતિઓનોં આંક વેબસાઇટ પર મુકશે. |
| 7 | મુખ્યમંત્રી | જો કોઇ ઉમેદવારને તમામ વાલીઓનાં ૫૨ ટકાથી વધારે વાલીઓની સ્વીકૃતિ મળેલ હોય અને તે વર્તમાન જિલ્લા શિક્ષણ અધિકારીને મળેલ સ્વીકૃતિઓ કરતા ૨ ટકાથી વધારે હોયે તો મુખ્યમંત્રી તે ઉમેદવારને જિલ્લા શિક્ષણ અધિકારી તરીકે નિમી શકશે અથવા ન પણ નિમે. મુખ્યમંત્રીનો નિર્ણય અંતિમ રહેશે. |
| 8 | ડિઇઓ | જ્યાં સુધી ડિઇઓ પાસે ૩૪ ટકા નાગરીકોની સ્વીકૃતિ છે, ત્યાં સુધી મુખ્યમંત્રી તેની બદલી નહીં કરે. પણ જો ડિઇઓ પાસે સ્વીકૃતિઓ ૩૪ ટકાથી ઓછી થશે, તો મુખ્યમંત્રી તેને બદલી શકશે. |
| 9 | ડિઇઓ | ચાલુ કાયદાઓ મુજબ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને જિલ્લા પંચાયત પાસેથી રકમ મેળવશે ડિઇઓ ૧લી થી ૧૨મી શાળાઓ અને પરીક્ષા કેન્દ્રોનું ચાલુ કાયદાઓ મુજબ સંચાલન કરશે. ડિઇઓ તે જિલ્લામાં આવેલ તમામ શાળાઓની ફીનું નિયંત્રણ કરશે અને નિયમાનુસાર અન્ય જવાબદારીઓ સંભાળશે. |
| 10 | ડિઇઓ | ડિઇઓ ગણિત, વિજ્ઞાન, ભૌતિક-શાસ્ત્ર, રસાયણ-શાસ્ત્ર, જિવ-વિજ્ઞાન, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી વગેરે વિષયોની પરીક્ષા નિયમાનુસાર લેશે અને નિયમાનુસાર વિદ્યાર્થીઓને દાખલાઓ અને |

| | | |
|---|---|---|
| | | હથિયાર ચલાવવાનું શિક્ષણ માટે વ્યવ્સથા કરશે. |
| 11 | ડિઇઓ | ડિઇઓ કોઇપણને નાગરીકને રુ ૧૦૦ ફી લઇ ટ્યુટર નોંધીશે. નોંધણી ફરજિયાત નહીં રહે. |
| 12 | ખલાટી | માતા/પિતા કોઇપણ ટ્યુટરને પોતાના બાળકનાં ટ્યુટર તરીકે તલાટીની કચેરીએ નોંધાવી શકશે. |
| 13 | ડિઇઓ | ડીઇઓ દર મહિને ૧-૧૨ ધોરણનાં વિદ્યાર્થીઓની ૦-૪ પરીક્ષાઓ લેશે. આ પરીક્ષાઓ ગણિત, વિજ્ઞાન, કાયદા, ભાષા અને અન્ય વિષયોમાં હોય શકે. ડિઇઓ પરીક્ષાઓમાં આવી શકે તેવા ૧૦૦૦૦ થી ૧૦૦૦૦૦ પ્રશ્નોનું લિસ્ટ પણ આપી શકશે. પરીક્ષામાં ૩૦-૧૦૦ પ્રશ્નો હોય શકે. |
| 14 | ડિઇઓ | ડિઇઓ તેને મળેલ શિક્ષણના બજેટનાં આધારે અને પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને મળેલ અંકોને આધારે દર મહીને કે દર ત્રણ મહીને વિદ્યાર્થીઓ અને તેમનાં ટ્યુટરોને રકમ ચેકથી આપશે. |
| 15 | ડિઇઓ | (૧૫.૧) તમામ રજિસ્ટર્ડ શાળાઓ તેમની પ્રથમ સત્રની ફી ૧-એપ્રિલ અને બીજા સત્રની ફી ૧-ઓક્ટોબર પહેલા નોંધાવી દેશે. તે પછી તે સત્રમાં તેઓ માત્ર રિઝર્વ બૈંકે આપેલ ભાવાંક કે તેથી ઓછો માત્ર વધારો કરી શકશે.<br>(૧૫.૨) આથી વધારે ફી માંગે કે લે કે ફી સિવાય અન્ય કોયપણ હેંડીંગ નીચે પૈસા માંગે કે લે, તો ડિઇઓ તે શાળાનાં પ્રિન્સીપલને અને સંચાલક ટ્રસ્ટીને બ્લેકલીસ્ટ કરી શકશે, જેથી તે જિલ્લાની કોઇપણ શાળાના પ્રિન્સીપલ/ટ્રસ્ટી ન બની શકે.<br>(૧૫.૩) આ ફી નવા વિદ્યાર્થીઓ અને જુનાં વિદ્યાર્થીઓ માટે સમાન રહશે.<br>(૧૫.૪) પહેલા ધોરણની ફી બીજા ધોરણથી ઓછી રહશે અને આમ તમામ ધોરણોની ફી ઉપરનાં ધોરણ કરતા ઓછી રહશે. |
| 16 | ડિઇઓ | કોઇ શાળા જો એડમિશન વખતે ઉપરની કલમમાં નોંધાવેલ ફી કરતા એક રુપિયો પણ વધારે ફી લે અથવા માંગણી પણ કરેતો ડિઇઓ તે શાળાનાં પ્રિન્સીપલને અને સંચાલક ટ્રસ્ટીને બ્લેકલીસ્ટ કરી શકશે, જેથી તે કોઇપણ શાળાનો પ્રિન્સીપલ/ટ્રસ્ટી ન બની શકે. |
| 17 | ડિઇઓ (જ્યુરી પ્રથા) | કોઇપણ શાળાનાં પ્રિન્સીપલને અથવા સંચાલક ટ્રસ્ટીને બ્લેકલીસ્ટ કરતા પહેલા ડિઇઓ જિલ્લાનાં તમામ વાલીઓનામ લિસ્ટમાંથી રેન્ડમ સ્લિકેક્શન (લોટરીથી) ૨૪ વાલીઓ સિલેક્ટ કરશે. ડિઇઓ, ફરીયાદી અને પ્રિન્સીપલને અથવા સંચાલક ટ્રસ્ટી પોતાની દલીલો , પુરાવા રજુ કરશે અને તે પછી તો ૨૪ માંથી જો ૧૮ કે વધૂ વાલી બ્લેક લીસ્ટ કરવાનાં નિર્ણયને અનુમોદન આપે, તોજ તે પ્રિન્સીપલને અથવા સંચાલક ટ્રસ્ટી બ્લેક-લીસ્ટ થશે. દરેક કેસ માટે વાલીઓ જુદા રહશે. |
| 18 | ડિઇઓ | ડિઇઓને યોગ્ય લાગેતો તમામ શાળાઓનાં હિસાબો ઇન્ટરનેટ પર મુકી શકશે. |

દર પખવાડિએ નામદાર પ્રધાનમંત્રીશ્રી અને નામદાર મુખ્યમંત્રીશ્રી એક ગેઝેટ નોટીફિકેશન છાપે છે. જો આ બેમાં થી કોઇપણ નામદારશ્રી ઉપરનાં લખાણને તેમાના ગેઝેટ નોટીફિકેશમાં છાપે , તો અમો સામાન્ય નાગરીકોને 'રાઇટ ટુ રિકોલ જિલ્લા શિક્ષણ અધિકારી' મળશે. અર્થાત નાગરીકો જિલ્લા શિક્ષણ અધિકારીને હાંકી કાઢી શકશે અને તેમને યોગ્ય લાગે તેવા વ્યક્તિને લાવી પણ શકશે. આથી મારા માનવા મુજબ શાળઓમાં થતી ગેરરીતિઓ ઘટશે અને ગણિત, ભૌતિક શાસ્ત્ર, કાયદો, હથિયાર ઉપયોગ અને અનેક વિષયોનું શિક્ષણ સુધરશે. આ લખાણ ગેજેટ નોટીફિકેશનમાં મુકવુ કે નહીં, તે નિર્ણય આપ વાલીઓ અને નાગરીકોએ લેવાનો છે. મારો મત છે - આને તાત્કાલિક ગેઝેટ નોટીફીકેશનમાં છાપવુ. હવે જો આપ ઇચ્છતા હોયકે નામદાર પ્રધાનમંત્રીશ્રીએ કે નામદાર મુખ્યમંત્રીશ્રીએ કે બન્ને નામદારશ્રીઓ તેમના ગેઝેટ નોટીફિકેશનાં આ લખાણ પંદર દિવસમાં છાપે, તો તેવી માંગણી કરવી અને તમામ આન્દોલનકારીઓ પાસે

કરાવવી. અને જો આંદોલનકારી આ લખાણને પોતાનાં માંગણી પત્રકમાં આવતા જનમમાં મુકવાની ખાતરી આપે તો મારા મતે તે આંદોલનકારીને આવતા જનમાં ટેકો આપવો.

આ ઉપરાંત નાગરીકોએ - વાલીઓ રાજ્યના શિક્ષણ મંત્રીપર રાઇટ ટુ રિકોલ અપાવતુ ગેઝેટ નઓટીફીકેશન માંગવુ જોઇએ. આનું લખાણ http://rahulmehta.com/301.pdf ના ૩૦માં ચેપ્ટરમાં આપ્યુ છે. આથી શિક્ષણ વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે. હવે જિલ્લા શિક્ષણ અધિકારી જો કોઇ શાળાનાં સંચાલકને સજા કરેતો શક્ય છે કે નામદાર જિલ્લા ન્યાયાધીશો કે હોનરેબલ હાઇકોર્ટનાં ન્યાયામુર્તિઓ તે સજાને રદ્દ કરે. તો પછી નાગરીકોએ નક્કી કરવાનુ કે તે નામદાર જિલ્લા ન્યાયાધીશ કે હોનરેબલ હાઇકોર્ટનાં ન્યાયામુર્તિને નોકરીમાં ચાલુ રાખવા કે કાઢી મુકવા. જો નાગરીકોને લાગે કે નામદાર જિલ્લા ન્યાયાધીશો કે હોનરેબલ હાઇકોર્ટનાં ન્યાયામુર્તિને નોકરીમાંથી કાઢી મુકવા.જોઇએતો નાગરીકોએ શુ કરવુ? મારા મતે નાગરીકોએ નામદાર પ્રધાનમંત્રીશ્રી કે નામદાર મુખ્યમંત્રીશ્રી કે બન્ને નામદારશ્રીઓ ગેઝેટ નોટીફીકેશનમાં 'રાઇટ ટુ રિકોલ નામદાર જિલ્લા ન્યાયાધીશ' અને 'રાઇટ ટુ રિકોલ હોનરેબલ હાઇકોર્ટનાં ન્યાયમુર્તિ' નું લખાણ મુકે. આ લખાણ મેં http://rahulmehta.com/301.pdf ના ૭માં ચેપ્ટરમા આપેલ છે.

આ સાથે મારી તમામ વાંચકને વિનંતી છે કે તેઓ મ્યુનિસિપાલીટીની હદમાં વસવાટ કરતા તમામ મહાબદ્ધીજીવીઓને સંપર્ક કરી મેં સુચવેલ ગેઝેટ નોટીફીકેશનો કરતા વધારે સારા ગેઝેટ નોટીફીકેશનો લખાણો ૧૪, ૨૧ કે ૯૦ દિવસમાં આવવા વિનંતી કરવી. મારા લખાણોને ટેકો આપવો, તેવી મારી કોઇ વિનંતી નથી.

### ૧.૬ શિક્ષણ સધારવા મેં સુચવેલ અન્ય ગેઝેટ નોટીફીકેશનોનો સાર

૧. ગણિતનાં શિક્ષણ માટે સાત્ય-વ્યવસ્થા ઉભી કરવી (આની વિગતો આગળ આપી છે)
૨. અન્ય વિષયાનાં શિક્ષણ માટે સાત્ય-વ્યવસ્થા ઉભી કરવી
૩. ધોરણ-૬ થી કાયદાઓનું શિક્ષણ આપવું ; તમામ વયસ્કોને પણ કાયદાઓનુ શિક્ષણ આપવુ
૪. ૧૬ વર્ષેથી હથિયારો ચલાવવાનું શિક્ષણ આપવુ ; તમામ વયસ્કોને પણ હથિયારો ચલાવવાનું શિક્ષણ આપવુ
૫. અંગ્રેજીનું શિક્ષણ ધોરણ ૧ થી આપવું
૬. ગણિત , વિજ્ઞાન વગેરે તમામ વિષયોનાં તમામ પાઠ્ય પુસ્તકો દ્વિભાષીય રાખવા - એટલેકે જમણી બાજુનાં પાના પર પાઠ અંગ્રેજીમાં હોય અને તેનો અનુવાદ સ્થાનીય ભાષામાં ડાબી બાજુનાં પાના પર હોય
૭. ધોરણ ૫, ૮ માં પણ ૧૦ અને ૧૨ની જેમ બોર્ડની પરીક્ષા લેવી
૮. તમામ સ્થાનીય ભાષાનાં વિદ્યાર્થીઓએ તે વિષયની અંગ્રેજીની પુરક પરીક્ષાઓ આપી શકે તે મરજીયાત કરવુ – તેનાં માર્ક્સ મેરીટમાં નહીં ગણાય
૯. સબસીડી કોલેજો ને બદલે સીધી વિદ્યાર્થીઓને આપવી

### ૧.૭ ગણિતનું શિક્ષણ સધારવા માતે માંગેલ - ગેઝેટ નોટીફીકેશનોનો સાર

<u>પરીક્ષાઓ, ઇનામોની રુપરેખા</u>

૧. રાજ્ય અથવા જિલ્લા શિક્ષણ અધિકારી ૧ થી ૧૨ ધોરણનાં સિલેબસના આધારે વર્ષને ચાર ભાગમાં વહેંચી ૪૮ પ્રશ્નપોથીઓ બનાવશે અને દરેક પોથીમાં ૧૦,૦૦૦ કે વધુ પ્રશ્નો હશે. આ પ્રશ્નો રાજ્ય અને જિલ્લા શિક્ષણ અધિકારી ઇન્ટરર્નેટ પર મુકશે અને સીડી પર પણ આપશે. આ સિલેબસ અને પ્રશ્નો પરથી કોઇપણ નાગરીક પુસ્તકો કે ગાઇડો છાપી શકશે. જિલ્લા/રાજ્ય શિક્ષણ અધિકારી પણ પુસ્તકો છાપશે.
૨. જેમ વ્યવ્સ્થા થશે તે પ્રમાણે જિલ્લા શિક્ષણ અધિકારી મહીને દરેક વિદ્યાર્થી માટે ૧-૪ ગણિતની પરીક્ષાઓ રાખશે. આ પરીક્ષઓ વિદ્યાર્થીઓ કોઇપણ ઉમરે-સમયે આપી શકશે.
૩. દરેક પરીક્ષામાં ૩૦-૧૨૦ પ્રશ્નો હશે. સમય ૬૦-૧૮૦ મીનીટ રહશે
૪. પરીક્ષામાં ઇનામો નીચે પ્રમાણે અપાશે – એવરેજ કરતા જેના ૨૦ ટકા ઓછા થી વધારે હોય તેને રુ ૫ ; એવરેજ કરતા જેના ૧૦ ટકા ઓછા થી વધારે હોય તેને રુ ૧૦ ; એવરેજ કરતા જેના ૩૦ ટકા થી વધારે હોય તેને રુ ૨૦ . આ રકમ કરવેરાની આવક પ્રમાણે વધી ઘટી શકશે.
**૫. આ ઇનામનાં ૫૦ ટકા વિદ્યાર્થી અને ૫૦ ટકા શિક્ષકને મળશે**
૬. ગણિતનાં શિક્ષક્ને બીજો પગાર નહિં મળે

પરીક્ષાઓનો વહીવટ

૭. પરીક્ષાઓનાં સેન્ટરો જિલ્લા શિક્ષણ અધિકારી ચલાવશે

૮. જિલ્લા શિક્ષણ અધિકારી મકાનો, ટ્બલો, કોમ્પુટરો, ટર્મિનલો વગેરેની વ્યવસ્થા કરશે

૯. જિલ્લા શિક્ષણ અધિકારીના ક્લાર્કો રેન્ડમ સિલેક્સન દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં ટેબલો આપશે.

૧૦.જિલ્લાનું સર્વર કોમ્પુટર તે વર્ષની પ્રશ્નપોથીનાં ૧૦૦૦૦ પ્રશ્નોમાથી છેલ્લી મીનીટે ૩૦-૧૨૦ પ્રશ્નો સિલેક્ટ કરી પરીક્ષા કેન્દ્રનાં કોન્પ્યુટરને આપશે જે વિદ્યાર્થીનાં ટર્મિનલને આપશે.

૧૧.આ પ્રશ્નો તે વર્ષના વિદ્યાર્થીને જુદા જુદા ક્રમમાં આપશે જેથી ચીટીંગ ન થાય

૧૨.આ પરીક્ષાના પરિણામ તાત્કાલીક મળશે, ઉનામોની જાહેરાત પણ તાત્કાલીક થશે

૧૩.જિલ્લા શિક્ષણ અધિકારી મહીનાનાં ઇનામો આવતા મહીનાની ૫મી અને ૧૦મી એ વિદ્યાર્થી અને શિક્ષકના ખાતામાં જમાં કરાવી દેશે.

૧૪.પરીક્ષાની કીમંત જમીનનાં ખર્ચાને બાદ કરતા રુ ૫ થી નીચે રહશે.

૧૫.જે પ્રશ્નનો જવાબ ૯૫ ટકા છોકરાઓએ સાચ્ચો આપ્યો છે તે પ્રશ્ન કેન્સલ થશે

ગણીતનાં શિક્ષકોની નિમણુંક

૧૬.કોઇ પણ નાગરીક પોતાને ગણિતનાં શિક્ષક તરીકે નોંધાવી શકશે

૧૭.વાલી તલાટીની કચેરીએ જઇ કોઇપણ શિક્ષકને પોતાના સંતાનનાં ગણિતનાં વિદ્યાર્થી તરીકે નોંધાવી શકશે. વાલી કોઇપણ દિવસે શિક્ષક બદલી શકશે.

આમ આ વ્યાવસ્થામાં સરકારની ભુમિકા માત્ર સિલેબસ નક્કી કરવાની, પરીક્ષા લેવાની અને પરીક્ષાનાં માર્ક્સનાં આધારે શિક્ષકો અને વિદ્યાર્થીઓને નાણા આપવાની રહશે. વિદ્યાર્થીઓ અઅને વાલીઓ શિક્ષક જાતેજ નક્કી કરશે.

## ૧.૮ અન્ય વિષયોનું શિક્ષણ સધારવા માટે માંગેલ - ગેઝેટ નોટીફીકેશનોનો સાર

જિલ્લા/રાજ્ય શિક્ષણ અધિકારી આ સાત્ય વ્યવસ્થા ગણીતની સાથે નીચેનાં વિષયોમાં પણ મુકશે

- વિજ્ઞાન (ભૌતિક શાસ્ત્ર , રસાયણ શાસ્ત્ર, જિવશાસ્ત્ર
- કાયદાઓ, વહિવટી
- અંગ્રેજી શબ્દજ્ઞાન , વાક્ય અનુવાદ, વ્યાકરણ
- હિન્દી શબ્દજ્ઞાન , વાક્ય અનુવાદ, વ્યાકરણ
- સેનાઓના, કાયદાઓનો અને વહીવટી વ્યવસ્થાઓનો ઇતિહાસ
- સ્થાનિક, રાજ્યનું, ભારતનુ અને અન્ય રાષ્ટ્રોનું ભુગોળ

## ૧.૯ તમામ વિદ્યાર્થીઓ અને વયસ્કોને કાયદાનું શિક્ષણ આપવુ

૧. ૧૫-૨૦ વિદ્યાર્થીઓને કોઇપણ એક કેસની કોર્ટમાં અઠવાડીયામાં બે દિવસ, દિવસનાં ૩ કલાક અદાલતમાં બેસવાનું રહેશે.

૨. કેસ પતે પછી તેમણે નીચે પ્રમાણે લખવાનું અને ચર્ચા કરવાની રહશે

- પુરાવા પુરતા હતા?
- શુ ચુકાદો યોગ્ય હતો?
- શુ કેસને લખતા કાયદાઓ યોગ્ય હતા?
- શુ કાયદાઓનું લખાણ સરળ હતું?

૩. નીચેની વોગતો લખવાની અને ચર્ચવાની

- જો ચુકાદો યોગ્ય ન હતો તો ચ્કાદો શુ હોવો જોઇતો હતો?
- જો કાયદાઓ અયોગ્ય હતા તો કાયદાઓ શુ હોવા જોઇએ?
- જો કાયદાઓનું લખાણ સરળ ન હતુ તો કેવું હોવુ જોઇએ?
- આ પ્રકારનાં ગુનાહો ઘટે તે માટે કયા પગલાઓ શક્ય છે?
- આ કેસની પ્રકીયામાં કયા સુધારા થઇ શકે

૪. આ સવાલોનાં જવાબાનાં કોઇ માર્ક્સ નહી હોય

૫. વિદ્યાર્થીઓને હાઇકોર્ટ અને સુપ્રિમ કોટર્માં પણ લઇ જવા જોઇએ.

## ૧.૧૦ તમામ વિદ્યાર્થીઓ અને વયસ્કો માટે હથિયારોનું શિક્ષણ ફરજિયાત કરવુ

૧૬ વર્ષથી ઉપરનાં તમામ કિશોરો અને વયસ્કો માટે હથિયારનું પ્રશિક્ષણ ફરજિયાત કરવુ.

### ૧.૧૧ અંગ્રેજીનું શિક્ષણ સધારવુ

૫ વર્ષથી ૮૦ વર્ષનાં તમામ નાગરીકોને અંગ્રેજી ભાષા શિખવાડવા ક્લાસો અને પરીક્ષાઓ શરુ કરવા. આ વ્યવસ્થા નાગરીકોને જિલ્લા શિક્ષણ અધિકારીને બદલવાની પ્રોસિજર મળવાથી અને સાત્ય વ્યવસ્થા આવવાથી આપો આપ શરુ થશે. કેમકે ભારતમાં આજે ૭૦૦ જિલ્લા શિક્ષણ અધિકારીઓ છે – જે શિક્ષણ અધિકારી અંગ્રેજી શિક્ષણની વ્યાવસ્થા ઉભી કરશે, તેને અન્ય જિલ્લાઓનાં નાગરીકો પણ પોતાના જિલ્લાનાં શિક્ષણ અધિકારી બનાવશે, અને જે જિલ્લા શિક્ષણ અધિકારી અંગ્રેજી શિક્ષણની વ્યાવસ્થા નહિં ઉભી કરે, તેને નાગરીકો હાંકી કાઢશે, અને તેની જગ઼ કોઇ બીજા જિલ્લા શિક્ષણ અધિકારીને અધિકારી બનાવશે. આમ ૫-૭ વર્ષોમાં ભારતનાં **તમામ** નાગરીકોને અંગ્રેજી શિક્ષણ મળશે.

### ૧.૧૨ મારા દ્વારા પ્રસ્તાવિત ગેઝેટ નોટીફીકેશનો વિષે મહાબદ્ધીજીઓ (સીવીલ સોસાયટી)નો મત

હું મારો સંક્ષિપ્ત પરિચય આપુ -- હુ છેલ્લા ૧૨ વર્ષથી રાઇટ ટુ રિકોલ જિલ્લા શિક્ષણ અધિકારી, રાઇટ ટુ રિકોલ હોનરેબલ સુપ્રિમ કોર્ટ ન્યાયમુર્તિ, રાઇટ ટુ રિકોલ પ્રધાનમંત્રી, રાઇટ ટુ રિકોલ મુખ્યમંત્રી વગેરે પ્રસ્તાવિત ગેઝેટ નોટીફિકેશનો વિષે નાગરીકો સુધી માહિતી પહોંચાડવાનો પ્રયત્ન કરી રહ્યો છુ.

આ પ્રસ્તાવિત ગેઝેટ નોટીફિકેશનો વિષે માહિતી બહુ ઓછા નાગરીકો પાસે પહોંચી છે કેમકે મહાબુદ્ધીજિવી વર્ગ આ રાઇટ ટુ રિકોલના પ્રસ્તાવિ ગેઝેટ નોટીફિકેશનોનો કટ્ટર વિરોધી છે. તેઓ ઇચ્છે છેકે નાગરીકોને આના વિષે માહિતી પણ ન મળવી જોઇએ.

તે ઉપરાંત મોટા ભાગનાં આંદોલન્કારીઓએ પણ રાઈટ ટુ રિકોલનાં આ પ્રસ્તાવિત લખાણોને આવતા જનમમાં ટેકો આપવાનીના પાડી છે. તેઓની માંગણી છે કે શિક્ષણ અને અન્ય તમામ ખાતાઓમાં ભ્રષ્ટાચાર ઘટવો જોઇએ પણ તેઓ તે માટે જરુરી કોઇપણ ગેઝેટ નોટીફિકેશનું લખાણ આ જનમમાં આપવાનાની મારી માંગણીનો આજ્દિન સુધી વિરોધ કર્યો છે. તેમના મતનુસાર માત્ર રેલીઓ અને સુત્રોચ્ચારજ થવા જોઇએ. અને નાગરીકોમાં જાગૃતિનો પ્રયાસ માત્ર થવો જોઇએ પણ ગેઝેટ નોટીફિકેશનાં લખાણો વિષે જાગૃતિનો પ્રયાસ ન થવો જોઇએ.

મારી નાગરીકોને વિનંતી છે કે તેઓ તમામ નાગરીકોને આનાં વિષે માહિતી આપે.

---

## ૨ અમેરીકાની પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર ભારત કરતા ઓછો કેમ છે?

આપણામાંથી અનેકનાં મિત્રો-સંબંધી અમેરીકામાં રહે છે. ક્યારેક વાત થાય તો જાણવા મળેકે અમેરીકાની પોલિસમાં ભ્રષ્ટાચાર અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર/સગાવાદ ભારત કરતા ઓછો છે. **કેમે?** શુ તેનુ કારણ સારા પગારો છે? હુ કોન્સ્ટેબલો, પીઆઇ વગેરેનાં પગારો વધારવાની માંગણીને ટેકો આપુ છુ. અમેરીકામાં પોલિસનાં પગાર ત્યાંની આવકનાં પ્રમાણમાં પણ અહિંથી સારા છે. પણ શુ તે એકમાત્ર કારણ છે? હમણાજં હાઇકોર્ટનાં ન્યાયાધીશોનાં પગાર આશરે રુ ૭૦,૦૦૦/- વત્તા ભત્તાઓ થયા. તો શુ હાઇકોર્ટનાં ન્યાયાધીશોએ સગાવાદ ઘટાડી દિધો? અને માનો કે ઓછો પગાર એક કારણ છે. તો માણસ કરોડ બે કરોડ પછી અટકી જાત.પણ શુ દસ કરોડ કમાયા પછી પણ આપણા કમિશ્નરો કે ન્યાયાધીશો અટકે છે? તો જો આમનાં પગાર ચાર ગણા પણ થશે, તો પણ ભ્રષ્ટાચાર અટકવાનો છે? આમ, પગાર મોંઘવારી પ્રમાણે જરુર વધારવા જોઇએ, પણ પગાર વધારા માત્રથી ભ્રષ્ટાચાર નહી ઘટે.

**તો પછી અમેરીકાની પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર ભારતની પોલિસ અને ન્યાયાધીશો કરતા કેમ ઓછો છે?** આ પ્રશ્ન ક્યારેક બુદ્ધીજીવીઓને પુછીયે તો તેઓ વિચિત્ર જવાબો આપે. કોઇ બદ્ધીજીવી કહે કે -- તમે કત્થઇ ચામડીવાળા ભારતીયોએ ગોરી ચામડીના અમેરીકનો સાથે સરખામણી કરવાની મજાલ પણ ન કરવી જોઇએ. કોઇ બદ્ધીજીવી કહે કે -- અમેરીકાનાં નાગરીકોનું પોલિટીકલ કલચર સારુ છે અને ભારતનાં સામાન્ય નાગરીકોનું પોલિટીકલ કલચર હલકુ છે. અને એટલેજ ભારતમાં પોલીસ અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે. અર્થાત, અમો ભારતમાં સામાન્ય નાગરીકો હલકા કલ્ચર (કલ્ચર એટલે સંસ્કાર) વાળા છીએ. અને પોલીસ, ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે, તેનુ કારણ અમો સામાન્ય નાગરીકો છીએ !! અને કોઇ બદ્ધીજીવી એમ પણ કહશે -- કે ભારતમાં પોલિસમાં અને

ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે, કેમકે -- તમો સામાન્ય નાગરીકોમાં જાગૃતિ નથી. વાહ બદ્ધીજીવી વાહ !! અને વાહ તમારા ચાર આંકડાનો આઇ.ક્યુ !! લાંચ લેવાનો ગુન્હો પોલિસ અને ન્યાયાધીશો કરે અને તેમાં પણ તમો બદ્ધીજીવીઓને વાંક અમો સામાન્ય નાગરીકોનો અને અમારા કલ્ચરનો કાઢવો છે?

બુદ્ધીજીવીઓનું આ કેરેકટર, પોલિટિકલ કલ્ચર, જાગૃતિ વગેરેનુ મહાજ્ઞાન મારી સામાન્ય બુદ્ધિથી અને સમજથી પરે છે. તો પછી ભારતની પોલિસમાં ભ્રષ્ટાચાર વધારે છે, તેના એવા કારણ ખરા કે આપણે સામાન્ય માણસોનાં મગજમાં આવી શકે? હા. એવા સરળ કારણો છે – કે જે આપના અને મારા જેવા સામાન્ય નાગરીકની સમજમાં આવી શકે.

અમેરીકાની પોલિસમાં ભ્રષ્ટાચાર ઓછો છે, તો તેનુ એકમાત્ર કારણ છે – **અમેરીકામાં નાગરીકો પાસે ત્યાંના જિલ્લા પોલિસ કમિશ્નરને કાઢી મુકવાની પ્રોસીજર -- યાને રાઇટ ટુ રિકોલ -- છે**. ભારતમાં અમો નાગરીકો પાસે માત્ર મિનીસ્ટર કે ન્યાયમુર્તિ પાસે ફરીયાદ કરવાની સત્તા માત્ર છે -- કમિશ્નર સાહેબને કાઢી મુકવાની સત્તા અમો નાગરીકો પાસે નથી. આ કાઢી મુકવાની સત્તા માત્ર મિનીસ્ટર કે ન્યાયમુર્તિઓ પાસે છે. અમેરીકામાં નાગરીકોને તેમના જિલ્લા પોલિસ કમિશ્નરને નોકરીમાંથી કાઢી મુક્વો હોય તો નાગરીકોએ મિનિસ્ટર કે કોર્ટના ધક્કા નથી ખાવા પડતા. નાગરીકો જાતે બહુમતિ સાબિત કરી તેમના જિલ્લા પોલિસ કમિશ્નરને બદલી શકે છે. આમ, અમેરીકાનાં તમામ ૨૦૦૦ જિલ્લા પોલિસ કમિશ્નરોને હંમેશા એકજ ભય હોય છે – કે જો પોતે ખુબ લાંચ લેશે અથવા જો સ્થાનિક પોલિસમાં ભ્રષ્ટાચાર વધશે, તો નાગરીકો તેને કાઢી મુકશે. એટલે કમિશ્નર પોતે નહીંવત લાંચ લે છે અને નીચેનાં સ્ટાફ પર પણ કંટ્રોલ રાખે છે. અને ભારતમાં અમો નાગરીકો પાસે કમિશ્નર બદલવાની સત્તા નથી, આ સત્તા માત્ર મિનિસ્ટર પાસે છે. પરિણામ? કમિશ્નરો પી આઇ ને ટાર્ગેટ આપે છે, અમુક ભાગ પોતે રાખે અને અમુક મિનિસ્ટરને પહોંચાડે.

આમ પોલિટિકલ કલચર, ઇતિહાસ, ૧૦૦૦ વર્ષોની ગુલામી કે ૨૦૦ વર્ષોની ગુલામીને આજના પોલીસ અને ન્યાયાધીશોનાં ભ્રષ્ટાચાર સાથે કોઇ લેવા દેવા નથી. આ તમામ કારણો ખોટા, જુઠ્ઠા અને ઉપજાવી કાઢેલા છે. ભારતમાં ભ્રષ્ટાચાર વધારે છે, તો તેનું એકમાત્ર કારણ છે – અમો નાગરીકો પાસે પોલિસ કમિશ્નરને બદલવાની પ્રોસીજર યાને રાઇટ ટુ રિકોલ નથી. કમિશ્નર ઉપરાંત અમેરીકામાં નાગરીકો પાસે સ્થાનિક ન્યાયાધીશો, મેયર, ધારાસભ્યો, જિલ્લા સરકારી વકીલ અને મુખ્યમંત્રીને કાઢી મુકવાની પ્રોસીજર છે. આને આથી આ તમામ અધિકારીઓમાં ભ્રષ્ટાચાર ભારતની સરખામણીમાં ઓછો છે. અને તેજ અમેરીકામાં સાંસદો, પ્રધાનમંત્રી, કેન્દ્રનાં અધિકારીઓમાં પ્રચુર ભ્રષ્ટાચાર છે, કેમકે તેઓને કાઢી મુકવાની નાગરીકો પાસે કોઇ પ્રોસીજર નથી. આમ અમેરીકાનો દાખલો પણ સાબીત કરે છે કે ભ્રષ્ટાચારને કલ્ચર, ઇતિહાસ, જાગૃતિ વગેરે કારણો સાથે જોઇજ લેવા દેવા નથી.

હું જ્યારે અમેરીકાની આ માહિતી (કે અમેરીકાનાં નાગરીકો પાસે પોલિસ કમિશ્નરને, ન્યાયાધીશોને, મુખ્યમંત્રીને કાઢી મુકવાની સત્તા છે) આપુ છું, તો ઘણા બી.એ એમ.એ. કરેલા અને અનેક છાપા, મેગેઝીન વાંચનારા આવાક રહી જાય છે. તેઓ કહે છે -- કે આ વાત આજ દિન સુધી અમે પાઠ્યપુસ્તક કે કટારલેખમાં વાંચીજ નથી. અને તેમણે અનેક બદ્ધીજીવીઓનાં પ્રવચનો પણ સાંભળ્યા, તો તે પ્રવચનોમાં પણ આ વાત જાણવા ન મળી. તેનું કારણ છે – આ પાઠ્યપુસ્તક લખનાર, કટારલેખ લખનાર કે પ્રવચન આપનાર બદ્ધીજીવીઓ પોતે રાઇટ ટુ રિકોલનાં વિરોધી છે. અને વિરોધી છે, એટલેજ તેમણે નાગરીકોને અને વિદ્યાર્થીઓને માહિતી સુધ્ધા ન આપી કે અમેરીકામાં નાગરીકો પાસે આવી રાઇટ ટુ રિકોલની સત્તાઓ છે.

હવે ભારતમાં પોલિસનાં ભ્રષ્ટાચાર અને ન્યાયાધીશોના ભ્રષ્ટાચાર/સગાવાદે માજા મુકી છે. અનેક ગુન્હાઓ બેફામ વધી રહ્યા છે, અને તેનુ કારણ પોલિસનો ભ્રષ્ટાચાર અને ન્યાયાધીશોનો ભ્રષ્ટાચાર/સગાવાદ છે. અનેક કેસોમાં ગુંડાઓ વગેરે પોલીસને પૈસા આપી કેસ નબળો પાડી દે અને જો કોઇ પોલીસ અધિકારી ઇમાનદાર હોય, તો ન્યાયાધીશોનાં સગા વકીલો તેમને જામીન અપાવવા તૈયાર છે. દા.ત. **આપણી સુપ્રિમ કોર્ટનાં ન્યાયમુર્તિએ ભારતમાં ૮ વર્ષનાં ૨૦-૨૫ બાળકો , બાળકીઓ પર બળાત્કાર કરનારા, એવા**

**સ્વીટ્ઝરલેન્ડના અબજપતિને પણ જામીન આપી દિધા હતા**, જેથી તે ભારત છોડી નાસી શક્યો. કોને ખબર કેટલામાં તોડ થયો. પણ બળાપો માત્ર કરવાનો અર્થ નથી. હવે જ્યાં સુધી અમો નાગરીકો પાસે જિલ્લા પોલિસ કમિશ્નર અને ન્યાયાધીશોને બદલવાની સત્તા, પ્રોસીજર નહીં આવે, ત્યાં સુધી આ સમસ્યાઓનો ઉકેલ આવે તેમ નથી. અને તમામ સરકારી વિભાગોમાંથી ભ્રષ્ટાચાર ઘટાડવા આપણે નાગરીકોએ રાઇટ ટુ રિકોલ પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, તમામ ન્યાયાધીશો, રિઝર્વ બૅંકનાં ગવર્નર વગેરેને પ્રોસીજર પણ આપણે નાગરીકોએ ઉભી કરવી જોઇએ.

**હવે આપણે સામાન્ય નાગરીકો ભારતમાં રાઇટ ટુ રિકોલ કઇ રીતે લાવી શક્યે?** આની વિગત મે http://rahulmehta.com/001.g.pdf પર ૪ પાનામાં આપી છે. જો આપની પાસે ઇન્ટરનેટ ન હોય, અથવા વધારે વિગત જોઇતી જોય, તો નીચેના સરનામે મને રવિવાર ૧૦-૨માં મળવા વિનંતી છે : **રાઇટ ટુ રિકોલ, એફ-૧-એ, સુપથ-૨ ફ્લેટ, જુના વાડજ બસ સ્ટેન્ડ** પાસે, અમદાવાદ-૯. અથવા **૯૮૨૫૧-૨૭૧૮૦** પર ફોન કરી કોઇ પણ સમયે મળવા વિનંતી છે. તે ઉપરાંત, જો આપ ભારતમાં નાગરીકો કમિશ્નર, મંત્રીઓ વગેરે બદલી શકે તેવી સત્તાઓ ઇચ્છતા હોય તો આપે નીચે મુજબ પગલા લેવા વિનંતી છે

૧. તમામ પાર્ટીઓનાં કાર્યકરોને કહેવુ કે તેઓ રાઇટ ટુ રિકોલના કાયદાઓ પર તેમની અને પાર્ટીનો અભિપ્રાય આપે
**૨.** જે નેતાઓ, પાર્ટીઓ, બદ્ધીજીવીઓ રાઉટ ટુ રિકોલના વિરોધી હોય, તેમનો બહિષ્કાર કરવો.
**૩. આ પત્રીકાને અનેકને બતાવવી.**

---

## ૩ માત્ર ત્રણ લીટીનું ગેઝેટ નોટીફીકેશન માત્ર ચાર મહિનામાં ગરીબી અને પોલિસ, અદાલતો, શિક્ષણમાં ભ્રષ્ટાચાર ઘટાડી શકે છે.

મેં માત્ર ૩ લીટીના એક ગેઝેટ નોટીફીકેશનની દરખાસ્ત/માંગણી કરી છે. આ ગેઝેટ નોટીફીકેશનને હું **આર.ટી.આઇ-૨ ( RTI2 )** કહુ છુ. આ ગેઝેટ નોટીફીકેશન માત્ર માટે માત્ર પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રીની સહીની જરુર છે - ધારાસભ્યો કે સાંસદોની પરવાનગીની જરુર નથી. આ કાયદાથી માત્ર ૩-૪ મહીનામાં ગરીબી ઘટશે, અને માત્ર ૨-૩ મહીનામાં પોલીસમાં ભ્રષ્ટાચાર નહિંવત થઇ જશે. આ કાયદાથી અદાલતોમાં સગાવાદ, ભ્રષ્ટાચાર પણ ઘટશે. શિક્ષણ સુધરશે સસ્તુ થશે અને સેના મજબુત થશે. હવે શુ માત્ર ૩ લીટીનો કાયદો આ જટીલ પ્રશ્નો ઉકેલી શકે? જો આ શક્ય હોત, તો આજ સુધી બુદ્ધીજીવીઓ આવો કાયદો કેમ ન શોધી શક્યા? અને આ તથ્ય - કે આજદીન સુધી બુદ્ધીજીવીઓ આવો કાયદો શોધી નથી શક્યા - શુ આ સાબીત નથી કરતુ કે આવો રામબાણ કાયદો હોયજ ન શકે?

### ૩.૧ આર ટી આઇ - ૨ (ડ્રક્કર) ના માંગેલ કાયદાનુ લખાણ

મે માંગેલ/સુચવેલ આર.ટી.આઇ-૨ નો કાયદો માત્ર ૩ કલમોનો છે અને નીચે પ્રમાણે છે.

| # | અધિકારી | પ્રોસીજર |
|---|---|---|
| ૧ | કલેકટર (અને તેનાં ક્લાર્કો) | કોઇપણ મહીલા મતદાર, દલિત મતદાર, ગરીબ મતદાર, ખેડુત મતદાર, વૃદ્ધ મતદાર, મજુર મતદાર કે કોઇપણ નાગરીક મતદાર જાતે હાજર થઇ જો પોતાની રાઇટ ટુ ઇન્ફર્મેશનની અરજી કે ભ્રષ્ટાચાર વિરુદ્ધની ફરીયાદ કે કોઇ પણ એફીડેવીટ આપે, તો કલેકટર (કે તેના ક્લાર્ક) કોઇપણ તકરાર વિના પાના દીઠ રુ. ૨૦/- ની ફી લઇ સીરીયલ નંબર આપશે અને પાનાઓને *પ્રધાનમંત્રીશ્રીનાં* વેબસાઇટ પર મુકશે. |
| ૨ | તલાટી (અને તેનાં ક્લાર્કો) | જો કોઇ મહીલા મતદાર, દલિત મતદાર, ગરીબ મતદાર, ખેડુત મતદાર, મજુર મતદાર કે કોઇપણ નાગરીક મતદાર કલમ-૧ દ્વારા આપેલ અરજી કે ફરીયાદ કે એફીડેવીટ પર હા/ના નોંધાવા આવે, મતદાર કાર્ડ બતાવે, રૂ.૨ વહીવટી ફી આપે, તો કોઇપણ તકરાર વગર તલાટીએ હા/ના કોમ્પ્યુટરમાં નોંધી લેવી અને નોંધની |

| | | |
|---|---|---|
| | | પહોંચ આપવી. અને નાગરીકની હા-ના *પ્રધાનમંત્રીશ્રીનાં* વેબસાઇટ પર મુકવી. તલાટી રુ ૩ ની ફી લઇ હા/ના બદલવા પણ દેશે. આ ફી બીપીએલ (ગરીબી રેખા નીચેના) કાર્ડ ધારકો માટે રુ ૧ રહેશે. |
| ૩ | ---- | આ હા/ના કોઇપણ અધિકારી, મંત્રી, ન્યાયાધીશ, ધારાસભ્ય કે સાંસદ પર બંધનકર્તા નહીં રહે. પણ જો ભારતના ૩૭ કરોડ મહીલા મતદારો, દલિત મતદારો, ગરીબ મતદારો કે કોઇપણ ૩૭ કરોડ નાગરીક મતદારો કોઇ એક અરજી, એફીડેવીટ પર હા નોંધાવે, તો *પ્રધાનમંત્રીશ્રી* તે અરજી, એફીડેવીટ પર ધ્યાન આપી શકશે અથવા *પ્રધાનમંત્રીશ્રી* રાજીનામું આપી શકશે. |

આ વટહુકમનો સાર છે :

૧. નાગરીક ઇચ્છે તો એફીડેવીટ, ફરીયાદ રુ ૨૦માં કલેક્ટરની કચેરીએ જઇ પ્રધાનમંત્રીના વેબસાઇટ પર મુકી શકશે.

૨. નાગરીક ઇચ્છે તો રુ ૩ આપી કોઇ એફીડેવીટ પર પોતાની હા કે ના પ્રધાનમંત્રીના વેબસાઇટ પર નોંધવી શકશે

૩. હા-ના પ્રધાનમંત્રી માટે બંધનકર્તા નથી.

રાજ્ય સ્તરનાં વટહુકમમાં પ્રધાનમંત્રીના સ્થાને મુખ્યમંત્રી આવશે.

### ૩.૨ બસ ? માત્ર આટલુજ?

હા. માત્ર આટલુજ. કશુજ વધારે નહીં. હવે સવાલ છે - માત્ર શુ આ ફરીયાદો અને હા-ના નોંધાવાના કાયદાથી ગરીબી જેવી અઘરી સમસ્યાઓ ઉકેલાશે? અને પોલીસ અને ન્યાયંધીશોનાં ભ્રષ્ટાચારની સમસ્યા માત્ર આનાથી ઉકેલાશે?

સંપર્ણ સાબીતી – કે આ ૩ લીટીનો આર.ટી.આઇ-૨ કાયદો ગરીબી, પોલીસમાં ભ્રષ્ટાચાર, અદાલતોમાં સગાવાદ અને અનેક સમસ્યાઓ ઘટાડી શકશે – આશરે ૩૫૦ પાના લાંબી છે અને મારા વેબસાઇટ http://rahulmehta.com/301.pdf પર જુદા-જુદા લેખોમાં આપી છે. આટલી લાંબી કેમ? કેમકે કોઇ પણ નવા કાયદા પર વાંચકને કાયદાની અસરકારક્તા અને આડ-અસર બન્ને પર વાજબી સવાલ આવશે. દા.ત. કોઇ ત્રાસવાદ ઘટાડવા ગુજકોકની માંગણી કરેતો સવાલ થશે કે 'શુ આ ગુજકોકથી પોલીસ અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર નહીં વધે?' અને 'આ કાયદાથી ત્રાસવાદ ખરેખર કેટલો ઘટશે?' ગણિતમાં અસરકારક્તા પર પ્રશ્નો નથી આવતા. દા.ત. ત્રિકોણ પરનો સિદ્ધાંત ૧૦૦ ટકા ત્રિકોણો પર લાગુ પડશે. એટલે આ સિદ્ધાંત કેટલા ટકા ત્રિકોણો પર લાગુ થશે, તેવા અસરકારકતા પરના પ્રશ્નો નથી આવતા. અને ગણિતમાં આડ-અસર વિષે પ્રશ્નો પણ નથી આવતા. દાત ત્રિકોણ પરનો કોઇ સિદ્ધાંત વર્તુળો પર આડ અસર નહી ઉભી કરે. પણ નવા કાયદાઓની દરખાસ્ત વિષે આડ-અસરના વાજબી સવાલો આવવાના અને આવકાર્ય છે. પણ આમ કોઇપણ નવા કાયદાની સંપુર્ણ માહિતી આપવી હોય તો અસરકારક્તા અને આડ-અસરના તમામ સવાલોનાં જવાબ આપવા પડે જેના માટે મારે અનેક પાનઓ જોઇએ.

હવે મોટાભાગનાં વાંચકોને હાલ મારા કે 'રાઇટ ટુ રિકોલ' પાર્ટીનાં બ્રાંડનેમમાં એટલો વિશ્વાસ નથી કે ૩૫૦ પાનાનાં લખાણ વાંચવા જેટલો સમય આપે. આ ૪ પાનાનુ લખાણ -- 'સુચવેલ ૩ લીટીનો કાયદો કઇ રીતે ગરીબી, પોલીસનો ભ્રષ્ટાચાર, અદાલતોનો ભ્રષ્ટાચાર વગેરે ઘટાડી શકે?' પ્રશ્નનો એક સંક્ષેપ ઉત્તર છે. આ લેખ વાંચ્યા પછી જુદા-જુદા વાંચકોનાં મનમા કાયદાની અસરકારકતા અને આડ-અસર વિષે ૧૦૦ પ્રશ્ન આવી શકે. આવા અનેક પ્રશ્નોનો ૪ પાનામાં જવાબ આપવો શક્ય નથી. આથી જે વાચકને રસ હોય, તેમને મને અથવા મારી ઓર્કુટ કોમ્યુનિટી પર આપેલ ફોન નંબરો પર ફોન કરવા વિનંતી છે.

### ૩.૩ શુ દરેક નાગરીક પાસે ઇન્ટરનેટ છે?

આ સૌથી વધારે પુછવામાં આવતો 'ખોટો સવાલ' છે. આને હું ખોટો સવાલ એટલે કહું છુ, કે આ આર.ટી.આઇ-૨ના કાયદામાં કોઇપણ નાગરીક પાસે ઇન્ટરનેટ હોવુ જરુરી નથી. જેની પાસે ઇન્ટરનેટ હોય કે ન હોય, તેણે કલેક્ટર કે તલાટીની કચેરીએ જવુ ફરજીયાત છે. આમ આ કાયદાનાં ઉપયોગ માટે ઇન્ટરનેટની જરુર નથી.

### ૩.૪ આર ટી આઇ-૨ થી ગરીબી કઇ રીતે માત્ર ૩-૪ મહીનામાં ગરીબી ઘટશે?

જે તારીખે નાગરીકો પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રી પાસે પ્રસ્તાવિત લખાણ આર.ટી.આઇ-૨ના ગેઝેટ નોટીફીકેશન પર છપાવી લેશે, તેના માત્ર ૩-૪ મહીનામા ગરીબી ઘટવી શરુ થઇ જશે. **કઇ રીતે?** જે તારીખે સમયે પ્રધાનમંત્રી આર.ટી.આઇ-૨ પર સહી કરશે, તેજ દિવસે હું ૨૦૧ એફીડેવીટ નોંધાવીશ, જેમાની પ્રથમ એફીડેવીટ છે - એમ.આર.સી.એમ (MRCM – Mine Royalties for Citizens and Military) . આ સાત પાનાની એફીડેવીટનું સંપર્ણ લખાણ મારા વેબસાઇટ પર આપેલ છે. આ લખાણમાં મેં એક વહીવટી વ્યવસ્થાની વિગત આપી છે, જેનાથી તમામ સરકારી ખાણો અને સરકારી જમીનો પરથી આવતુ ભાડુ સીધુજ નાગરીકોનાં ખાતામાં જશે. દા.ત. માનો ઓક્ટોબર-૨૦૦૯માં સરકારી પ્લોટો અને ખાણોનું ભાડુ રુ ૩૦,૦૦૦ કરોડ આવ્યુ. તો એમ.આર.સી.એમ. ની વ્યવસ્થાથી નવેમ્બર-૨૦૦૯માં રુ ૧૦,૦૦૦ કરોડ સેનાને જશે અને દરેક નાગરીકના પોસ્ટના કે સ્ટેટ બૈંકના ખાતામાં રુ ૨૦૦/- જમા થશે. દરેક નાગરીક જો મહીનામાં એક વખત ઉપાડ કરવા જાયતો માત્ર ૧૦૦,૦૦૦ ક્લાર્કોની જરુર પડશે. આજે સરકારી બૈંકો પાસે ૬૦૦,૦૦૦ થી વધારે ક્લાર્કો છે. આમ એમ.આર.સી.એમ વ્યવસ્થામાં ખાસ નવો બોજો નથી.

હવે હું વાચકને એક પ્રશ્ન પુછીશ :

૧. ભારતનાં નાગરીકો પ્રધાનમત્રી પાસે આર.ટી.આઇ-૨ પર સહી કરાવમાં સફળ થયા
૨. કોઇએ એમ.આર.સી.એમ એફીડેવીટનું ૭ પાનાનું લખાણ રુ ૧૪૦/- આપી પ્રધાનમંત્રીનાં વેબ્સાઇટ પર મુક્યુ
૩. હવે એમ.આર.સી.એમ એફીડેવીટ વિષે સામાન્ય ૭૨ કરોડ નાગરીક-મતદારોને માહિતી કેવી રીતે મળશે, તે હું પછીથી કહીશ.
૪. ભારતનાં ૭૨ કરોડ સામાન્ય નાગરીકોમાંથી આર્થિક રીતે નીચેનાં ૫૫ કરોડને **ધ્યાનમાં રાખવા વિનંતી**

**વાંચકને પ્રથમ પ્રશ્ન** : ભારતનાં કુલ ૭૨ કરોડ નાગરીક-મતદારોમાનાં માંથી **ગરીબ ૫૫ કરોડમાંથી કેટલા** કરોડ નાગરીકો એમ કહશે કે અમારે પ્રતિ વ્યક્તિ માસિક રુ૨૦૦ થી રુ ૫૦૦ **નથી જોઇતા**, આ પૈસા સરકારની તિજોરીમાં જવા દો.

મારો જવાબ છે : ૫ કરોડથી પણ ઓછા એમ કહશે કે અમારે જમીનનાં ભાડાના પૈસા નથી જોઇતા.

આમ, ૫૦ કરોડથી ૫૫ કરોડ મતદારો આર.ટી.આઇ-૨ ના કાયદા પર સહી થયા પછી, એમ.આર.સી.એમ.ની એફીડેવીટ વિષે સાંભળ્યા પછી વિચારશે કે - આમા મારે ગુમાવવાનુ શુ? માત્ર રુ ૩ની ફી, જે તલાટીની કચેરીએ આપવાની છે. હવે હુ વાંચકને બીજો સવાલ પુછીશ.

**વાંચકને બીજો પ્રશ્ન** : આર.ટી.આઇ-૨ ની ત્રીજી કલમ સ્પષ્ટ કહે છે પ્રધાનમંત્રી ૪૦ કરોડ કે ૭૦ કરોડ નાગરીક મતદારો 'હા' નોંધાવે તો પણ સહી કરવા બંધાયેલા નથી. પણ શુ પ્રધાનમંત્રીની હિંમત થશે કે તે સહી કરવાની ના પાડે?

અશક્ય, કેમકે જે કરોડો નાગરીકોએ આના પર સહી કરી છે, તેઓ બેઠા નહીં રહે.

આમ આર.ટી.આઇ-૨ ના પસાર થયાનાં માત્ર ૧-૨ મહીનામાંજ પ્રધાનમંત્રીએ એમ.આર.સી.એમ નો ઠરાવ પસાર કરવો પડશે, અને તેના એક-બે મહીનામાંજ નાગરીકોને સરકારી ખાણો અને સરકારી જમીનનું ભાડુ મળશે. અને આનાથી ગરીબી ઘટવી શરુ થશે. તે ઉપરાંત અન્ય કાયદાઓનાં લખાણ પણ આર.ટી.આઇ-૨ દ્વારા નાગરીકો પસાર કરી શકશે. આ લખાણો દ્વારા રિગ્રેસીવ કરવેરાઓ ઘટશે, મિલકત વેરાનાં કાયદાથી જમીનનાં ભાવ ઘટશે, જેનાથી મકાનો દુકાનોનાં ભાવ ઘટશે અને આનાથી નોકરી રોજગારી વધશે અને ગરીબીમાં ઓર ઘટાડો થશે. આ રીતે માત્ર ૩ લીટીનો આર.ટી.આઇ-૨ નો કાયદો ગરીબી ઘટાડવા માટે પુરતો છે.

### ૩.૫ આર ટી આઇ-૨ થી પોલીસમાં ભ્રષ્ટાચાર કઇ રીતે ઘટશે

**વાંચકને ત્રીજો પ્રશ્ન** : અમેરીકાની પોલીસમાં ભ્રષ્ટાચાર ભારતની પોલીસ કરતા ભ્રષ્ટાચાર ઓછો કેમ છે ?

આનુ એકમાત્ર કારણ છે - અમેરીકામાં લગભગ તમામ જિલ્લાઓમાં નાગરીકો પાસે ત્યાંનાં જિલ્લા પોલીસ કમિશ્નરને કાઢી મુકવાની (Right to Recall) પ્રોસીજર છે. આથી અમેરીકાનો જિલ્લા પોલિસ કમિશ્નર પોતે નહીંવત લાંચ લે છે, અને પોતાના સ્ટાફને ઉપર પણ કંટ્રોલ રાખે છે. જો તેને જરા સરખી પણ માહિતી મળે કે તેના સ્ટાફમાં કોઇ વ્યક્તિએ લાંચ લેવાની શરુઆત કરી છે તો તે નાગરીકો પોતાને કાઢી ન મુકે, તે ડરથી તરતજ છટકુ ગોઠવી સાબીતી ભેગી કરી, સ્ટાફને કોર્ટમાં કઇ જશે. પણ ભારતમાં નાગરીકો પાસે જિલ્લા પોલીસ કમિશ્નરને કાઢી નાખવાની સત્તા ન હોવાથી કમિશ્નરો તેમના સ્ટાફને હફ્તા ઉઘરાવવાનું કહેતા હોય છે, જેમાનો એક ભાગ પોતે રાખે અને એક ભાગ

મંત્રીઓને પહોંચાડતા હોય છે, કેમકે મંત્રીઓ પાસે તેમને કાઢી મુકવાની સત્તા છે. હવે વાંચકે આ વાત પણ નોંધવી કે આપણા બુદ્ધિજિવીઓએ આ મહિતી (કે અમેરીકાના નાગરીકો પાસે કમિશ્નર, ન્યાયાધીશ, ગવર્નર વગેરેને નોકરીમાંથી કાઢી મુકવાની પ્રોસીજરો છે) સુદ્ધા ભારતનાં નાગરીકો, વાંચકો, વિદ્યાર્થીઓ વગેરેને નથી આપી. કેમ? કેમકે બુદ્ધિજિવીઓ નથી ઇચ્છતા કે ભારતનાં નાગરીકોમાં આ 'રાઇટ ટુ રિકોલ'ની માંગણી ઉભી થાય. કેમ? કેમકે બુદ્ધિજિવીઓને સ્પોન્સરશીપ આપનાર પૈસાદારો અને નેતાઓ 'રાઇટ ટુ રિકોલ' ના વિરોધીઓ છે.

અમેરીકામાં આશરે ૨૦૦૦ જિલ્લાઓમાંથી લગભગ તમામ જિલ્લાઓમાં નાગરીકો પાસે જિલ્લા પોલિસ કમિશ્નર બદલવાની પ્રોસીજર છે, જેથી ત્યાંનાં તમામ પોલિસ કમિશ્નર પોતે નહીંવત લાંચ લે છે, અને સ્ટાફને કંટ્રોલમાં રાખે છે. જ્યારે ભારતનાં આશરે ૭૦૦ જિલ્લાઓમાંથી એક પણ જિલ્લામાં અમો સામાન્ય નાગરીકો પાસે જિલ્લા પોલિસ કમિશ્નર બદલવવાની સત્તા નથી, અને ન હોવાથી તમામ નહીં પણ મોટાભાગનાં જિલ્લામાં પોલિસ કમિશ્નરો મંત્રીઓના કલેકશન એજન્ટ માત્ર બની ગયા છે અને એટલે ગુન્હાખોરી બધી છે. હવે આ ભ્રષ્ટાચારની સમસ્યાનો અતિ સરળ ઉકેલ છે - <u>તમામ જિલ્લાઓમાં નાગરીકો પોલિસ કમિશ્નર બદલી શકે તેવી વહીવટી પ્રોસીજર ઉભી કરવી</u>. મેં મારા વેબસાઇટ પર **ડી.પી.સી - આર.પી** (DPC-RP : District Police Chief Replacement Procedure) અર્થાત 'નાગરીકો જિલ્લા પોલીસ કમિશ્નર બદલી શકે' તેવી પ્રોસીજરનુ સંપર્ણ લખાણ આપ્યુ છે. આ લખાણ પર મુખ્યમંત્રીની સહી આવવા માત્રથી તે રાજ્યનાં તમામ જિલ્લાઓને નાગરીકો જિલ્લા પોલીસ કમિશ્નર બદલી શકે, તેવી પ્રોસીજર મળશે. અને આથી તે રાજ્યમાં માત્ર ૧ મહીનાં પોલીસમાં ભ્રષ્ટાચાર નહીંવત થઇ જશે.

<u>**વાંચકને ચોથો પ્રશ્ન**</u> : શું ભારતમાં કોઇપણ મુખ્યમંત્રી 'નાગરીકો જિલ્લા પોલીસ કમિશ્નર બદલી શકે' કાયદા પર સ્વેચ્છાથી સહી કરશે?

મને નથી લાગતુ. કેમકે જો નાગરીકોને જિલ્લા પોલીસ કમિશ્નર બદલવાની સત્તા મળશે, તો જે કમિશ્નર મહીનામાં રુ ૧ કરોડ ભેગા કરે છે, તેની કમાણી ઘટીને માત્ર એક લાખ થઇ જશે અને આ એક કરોડમાંથી જે રુ ૫૦ લાખ ધારાસભ્યો, મંત્રીઓને મળે છે, તે પણ માત્ર ૫૦ હજાર થઇ જશે. આથી તમામ ધારાસભ્યો, મુખ્યમંત્રીઓ અને તેમના ભાડુતી બદ્ધીજીવીઓ રિકોલનો કાયદો ગેરબંધારણીય છે, ભયજનક છે વગેરે તેવી ગોળ ગોળ વાર્તાઓ કરશે. પણ માનો નાગરીકો આર.ટી.આઇ-૨ નાં કાયદા પર સહી કરાવવામાં સફળ થયા. તો પછી સામન્ય નાગરીકો **ડી.પી.સી - આર.પી** વિષે શુ વિચારશે? કે આનાથી પોલીસમાં ભ્રષ્ટાચાર ૯૯% નહી તો ૯% પણ ઘટતો હોય, તો મારા રુ.૩ વસુલ છે. આમ આર.ટી.આઇ-૨નાં પસાર થયા માત્ર ૧ મહીનામાં રાજ્યનાં મોટાભાગનાં નાગરીકો ડી.પી.સી - આર.પી પર રુ ૩ આપી 'હા' નોંધાવી દેશે, અને મુખ્યમંત્રીઓ ડી.પી.સી - આર.પી પર સહી કરવા મજબુર થશે. આમ, આરટીઆઇ-૨ ના પસાર થયાના બેજ મહીનામાં **ડી.પી.સી - આર.પી** પસાર થશે અને ૧ મહીના પોલીસમાં ભ્રષ્ટાચાર ઘટશે.

અને તે પછી ૨-૩ મહીનામાં અન્ય ૨૫૦ રાઇટ ટૂ રિકોલ પ્રોસીજરો (દા.ત નાગરીકો પ્રધાનમંત્રી બદલી શકે, મુખ્યમંત્રી બદલી શકે, આર.બી.આઇ ગવર્નર બદલી શકે, જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા સરકારી વકીલ બદલી શકે વગેરે) પસાર થઇ જશે. રાઇટ ટુ રિકોલમા તમામ અધિકારીઓને બદલવાની જરુર નથી પડતી.દા.ત ભારતમાં આશરે ૭૦૦ જિલ્લાઓ છે. તો નાગરીકોએ તમામ ૭૦૦ કમિશ્નરો બદલવાની જરુર નહીં પડે. રાઇટ ટુ રિકોલ આવ્યાનાં માત્ર ૭ દિવસમાં તે ૭૦૦માંથી ૩૫૦ અધિકારીઓ સુધરી જશે. અને ૧-૨ અધિકારીઓની નોકરી જશે, એટલે અન્ય ૩૪૮ અધિકારીઓને સુધરવામાં ૧૪ દિવસથી વધારે સમય નહીં લાગે. મોટાભાગનાં સનદી અધિકારીઓ બદ્ધીમાન છે અને તેમને કામ કરતા આવડે છે. નાગરીકોને રિકોલ અર્થાત તેમને કાઢી મુકવાની સત્તા મળશે, એટલે આ અધિકારીઓ કામ પર ધ્યાન આપવુ શરુ કરશે અને ભ્રષ્ટાચાર ઘટાડી નાખશે.

### ૩.૭ ટુંકસાર

આ ચાર પાનાના લેખમાં મે 'માત્ર ૩ લીટીનો આર.ટી.આઇ-૨ નો કાયદો ગરીબી, પોલીસમાં ભ્રષ્ટાચાર ૩-૪ મહીનામાં ઘટાડી દેશે', તેનુ વર્ણન આપ્યુ છે. વાચકને આર.ટી.આઇ-૨ ના કાયદાની અસરકારકતા અને આડ અસર વિષેના અનેક સવાલોનો જવાબ http://rahulmehta.com પર મળશે. અથવા વાંચકને ફોન કરવા કે રુબરુ મળવા વિનંતી છે. અને જો આર.ટી.આઇ-૨ નો કાયદો આપને ભારતનાં હિતમાં લાગે તો http://petitiononline.com/rti2en પર સહી કરવા વિનંતી છે.

## ૪ જનલોકપાલ એટલે શુ? અને રાઇટ ટુ રિકોલ લોકપાલ કેમ જરુરી છે

અન્ના હજારેજી જે પ્રસ્તાવિત કાયદાની માટે આમરણ ઉપવાસ રાખ્યો હતો - તે પ્રસ્તાવિત કાયદાનું નામ છે - જનલોકપાલનો (અને રાજ્ય સ્તરે જન લોકઆયુક્તનો) કાયદો. આ કાયદો પસાર થયા પછી પ્રધાનંમંત્રી , સુપ્રિમનાં ૨ ન્યાયાધીશો , અન્ય ૬ એમ કુલ ૯ જણાની સિલેક્શન કમીટી બનશે. આ સિલેક્શન કમીટી ૧૦ માણસોની 'શોધખોળ કમીટી' (સર્ચ કમીટી) નિમશે. આ શોધખોળ કમીટી આશરે ૩૩ એવા માણસો શોધશે. એમાંથી ૧૧ ને સિલેક્શન કમીટી લોકપાલ બનાવશે. અને રાજ્ય સ્તરે આ મુજબ ૧૧ લોકઆયુક્તોની નિમણુંક થશે. આ ૧૧ લોકપાલો કે ૧૧ લોકઆયુક્તો અને તેમના દ્વારા નિમેલ સ્ટાફ તલાટી, પોલીસ કોન્સ્ટેબલો, પી આઇ, પોલિસ કમિશ્નર, ઇન્કમટેક્ષ અધિકારીઓ, ન્યાયાધીશો, હાઇકોર્ટનાં જસ્ટીસો, સુપ્રિમનાં જસ્ટીસો, મંત્રીઓ, કલેક્ટરો વગેરે આવા ભારતની સરકારનાં ૧.૨ કરોડથી વધારે અધિકારીઓનાં ભ્રષ્ટાચાર પર નિયંત્રણ લાવશે. આ ૧૧ લોકપાલો પાસે અમાપ સત્તાઓ છે. તઓ કોઇપણ અધિકારી, મંત્રી, સાંસદ, ન્યાયમુર્તિની સામે કોઇની પણ પરવાનગી વિના છટકા ગોઠવી શકશે, તપાસ કરી શકશે અને કેસ ચલાવી શકશે. અને તે અધિકારી, મંત્રી, સાંસદને જામીન ન મળે ત્યાં સુધી જેલમાં પણ રહેવું પડશે. આમ લોકપાલો પોતાની સત્તાઓ દ્વારા ભ્રષ્ટ અધિકારીઓ, સાંસદો, મંત્રીઓ વગેરેને સજા કરાવી શકશે અને આથી ભ્રષ્ટાચાર ૯૦ ટકા ઘટશે, અને અન્ના કહે છે.

પણ જો આ ડઝન લોકપાલો ભ્રષ્ટ થઇ જાઇ તો? તો શુ આપણે પ્રજાએ પાંચ વર્ષ કે આવતા જનમ સુધી રાહ જોવાની? આ સમસ્યાઓનો ઉપાય મારા મુજબ **રાઇટ ટુ રિકોલ લોકપાલ** છે. આની વિગત મેં http://rahulmehta.com/lokpal3.pdf માં આપી છે. શુ અન્ના રાઇટ ટુ રિકોલને ટેકો આપે છે? કોઇ વેપારી ચેક આપે પણ ચેક પર સહી કરવાની ના પાડે, તેમ અન્ના રાઇટ ટુ રિકોલ્ને ટેકો આપે છે, પણ લોકપાલનાં ડ્રાફ્ટમાં રાઇટ ટુ રિકોલ લોકપાલની કલમો ઉમેરતા નથી. વધારે વિગતો હું આવતા અંકમાં આપીશ.

**મારો (લેખકનો) પરિચય** : હું , રાહુલ ચીમનભાઈ મહેતા, ગાંધીનગર લોકસભા એપ્રિલ-૨૦૦૯ની ચુંટણીમાં ઉમેદવાર હતો. મને ૭૩૦૦ વોટ મળેલ અને મારો નંબર ચોથો હતો (શ્રીમતી મલ્લિકાબેન ૯૩૦૦ વોટથી ત્રીજા ક્રમે હતા). મારો ચુંટણી લડવાનો મુખ્ય હેતુ હતોઃ આર.ટી.આઇ-૨, એમ.આર.સી.એમ, રાઉટ ટુ રિકોલનાં કાયદા માટે લોકઆંદોલન કરવુ. આ કાયદાઓથી માત્ર ૩-૪ મહીનામાં ગરીબી ઘટી જશે અને માત્ર ૨-૩ મહીનાઓ માત્રમાં પોલીસ, અદાલતોમાં ભ્રષ્ટાચાર ઘટી જશે. આ કાયદાઓનાં પ્રચાર માટે મારે આપના સમયની જરુર છે. જો આ પ્રસ્તાવિત ગેઝેટ નોટીફીકેશનો પસાર નહીં થાય, તો આ પ્રસ્તાવિત ગેઝેટ નોટીફીકેશનોનાં વધુ પ્રચાર માટે હુ આવતી ડિસેમ્બર-૨૦૧૨ની બોડકદેવ અથવા નારણપુરા વિધાનસભા અને ૨૦૧૪માં ગાંધીનગરની લોકસભાની ચુંટણી લડવાનો છું

ઓર્કુટ : Right to Recall Party -- orkut.com/community.aspx?cmm=21780619
વેબસાઇટઃ rahulmehta.com ઈમેઈલઃ MehtaRahulC@yahoo.com ; **ફોન** : 98251-27780 , 98252-32754
સરનામુઃ એફ-૧/એ, સુપથ-૨, જુના વાડજ બસ સ્ટેન્ડ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૧૩ ; સમય : રવિવાર ૧૦-૨
લેખક : **રાહુલ ચીમનભાઈ મહેતા**, બી. ટેક. કોમ્પ્યુટર સાયન્સ, આઇ. આઇ. ટી. દિલ્હી; એમ એસ, રટગર્સ, USA

# રાઈટ ટુ રિકોલ ગ્રુપ

જો આપને આ પત્રિકાના લેખોનાં પ્રચારને યોગ્ય લાગે તો આપ આ પ્રમાણે પ્રચાર કરી શકો છો --- આ પત્રિકા અને તેનુ મિરર આપને http://rahulmehta.com/004.g.pdf અને rahulmehta.com/004.mirror.g.pdf પર મળશે. આની ૧૦૦૦ કોપી આપને ઓફસેટમાં પાનની ક્વોલીટી મુજબ રુ.૧૦૦૦ થી રુ. ૨૫૦૦ માં પડશે.